સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

ચીનની જેમ બહુરૂપી ચાલ ગમી ગઇ છે,
આપણી આ સરકારની પોલ ગમી ગઇ છે,
થમી ગઇ છે નજર એમની કાશ્મીર પર -
નવાઝ શરીફને કાશ્મીરી સાલ ગમી ગઇ છે..
(ચોરની શિરજોરી, યુએનમાં ફરિયાદ)

હાઈકુ

ખર્ચ ઉભરે -
મનપા નો ઉત્સાહ,
બેઠો પાણીમાં..
(પાણીની જવાબદારી)

આવે ન બહાર
પક્ષીય વાડામાંથી -
રાષ્ટ્રીય વડા..
(પદ ની ગરિમા..?!)

ચિંતન

આલસાઃ પ્રાપ્નુન્તયર્થાન્ન શઠા ન ચ માયિનઃ । ન ચ લોકર વાદ્ભીતા ન ચ શશ્વત્પ્રતી ક્ષણઃ ॥

'આળશુ લોકો, લુચ્ચા-ઠકારા-કપટી લોકો, માયાવી, અને લોકસમૂહ-સમાજના બોલવાના ડરથી ડરી જનારાઓ હંમેશા, પ્રતિક્ષા-આશાની રાહમાં બેસી રહેનારાઓ લોકો કદી અર્થને-સફળતાને-કાર્યસિદ્ધિને અર્થ-ધન સંપત્તિને અથવા કોઇ પણ જાતના લાભો ને કદી પણ પામતા નથી.'

- જો આળસુ છે કોઇ નવી પ્રવૃત્તિમાં તો પ્રવૃત્ત થતા જ નથી પણ પોતાનાં નિત્ય-કર્તવ્યોમાં પણ છટકબારી શોધી 'ન કરવાની' વૃત્તિવાળા હોય છે તે,
- લુચ્ચા-ઠગારા-કપટી લોકો પણ જૂઠ અને દંભનું કવચ ક્યારેક ખૂલ્લું પડી જાય છે ત્યારે, તે
- માયાવી-બહારથી સાધુ-સંત-બાપુનો વેશ રચી તાંત્રિક માયાથી ચમત્કારો બતાવી પોતાનો ખોટો પ્રભાવ ઊભો કરે છે તે,
- પોતાની પ્રગતિ માટે જે સાહસ કરે છે પણ સમાજ અને લોકો શું કહેશે એવો ડર રાખે છે તે -
- અને ખોટા આશાવાદી છે તે કદી પણ પોતાનાં ધ્યેયો-સફળતા-સિદ્ધિને પ્રાપ્તકરી શકતા નથી.

સુવિચાર

- વૃક્ષો એકઠાં થાય તો વન બને, સુગંધિત કાષ્ઠ હોમવા તત્પર એકઠા થાય તો હવન બને, ધરતીમાં જવા તત્પર હોય તો ઇંટો તો મજબૂત પાયા વાળુ ભવન બને અને લીલા હૈયા વાળાં માણસો પરસ્પર સાથ આપે તો આ જગત માનવતાની મહેકથી મઘમઘતું ઉપવન બને
  - ડૉ. ચંદ્રકાન્ત મહેતા
- ખુશી સુલભ છે પણ પ્રસન્નતા દુર્લભ છે.. તેને માટે તપવું પડે છે.. ખપવું પડે છે.. ખુશી બહેકાવી શકે પણ પ્રસન્નતા ને તો મહેંકવું અને મહેંકાવવું એ જ ઇષ્ટ છે.. ખુશીને નાખુશીનો ડર હોય છે... પણ પ્રસન્નતાને દુઃખ કે નાખુશી નો ડર નથી **- એસ. ભટ્ટાચાર્ય**
- જો ભક્તિ આંતરિક શુદ્ધિ, આચરણ શુદ્ધિ વગરનો ઉપક્રમ બની રહે તો એ ડોળ, પ્રદર્શન કે ભક્તિની આડમાં કોઇ સ્વાર્થ સિદ્ધ કરવાનો મોકો જ સિદ્ધ થાય છે **- ધર્મસૂત્ર**
- સોક્રેટીસ અને મીરાં વિષનો પ્યાલો પી ગયા, પણ ધ્યેયની પવિત્રતા ખાતર વિચલીત ન થયા, અને એમણે બલિદાન આપવા છતાં એમણે સત્ય ખાતર કશુંક વેઠ્યાનો અહંકાર વ્યક્ત નહોતો કર્યો **- જનકલ્યાણ**
- પેટનો ખાડો પૂરાય તેટલી સંપત્તિ પર જ મનુષ્યનો અધિકાર, આથી વધુ સંપત્તિનો સંચય એ એકજાતની ચોરી છે **- સંત ઓગસ્ટીન**
- ખરા અર્થમાં મહાન તે છે જેના હૃદયમાંથી સહનશક્તિની ધારા રક્તધારાની સાથે જ સતત વહે છે **- અખંડ આનંદ**
- વધુ પડતી સુવિધાઓ સગવડો 'કાર્યશક્તિ'ના જયને બદલે ક્ષયનું નિમિત્ત બને છે **- જૈન કથન**

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

વિનોબાજી આશ્રમવાસી તરીકે સેવાભાવી અદના મૌન કાર્યકર હતા પણ ફૂરસદના સમયમાં પોતાના ખંડમાં અધ્યયન જ કર્યા કરતા. ગાંધીજીને જે કોઇ વિશિષ્ટ વ્યક્તિ મળવા આવે તેમને વિનોબાજીની મૂલાકાત લેવાની ખાસ સૂચના આપી તેમનાં ખંડમાં મોકલતા. અને બાપુ કહે છે તો એ કોઇ 'વિશિષ્ટ' હશે જ એમ સમજી ઘણા એમને મળવા જતા..

એકવાર કુમારપ્પા ગાંધીજીને મળવા ગયા. વાતચીત અંતે ગાંધીજીએ તેમને પણ વિનોબાજીને મળવા જવા સૂચન કર્યું. કુમારપ્પા તેમના ખંડમાં ગયા. આસન પર બેઠા વિનોબાજીએ એમની સામે જોયું. પછી પાછાં વાંચવામાં લીન થઇ ગયા. ૧૫-૨૦ મિનિટ ગઇ. કુમારપ્પા ઘૂંઘવાઇને ઉઠીને ચાલતા થયા. ગાંધીજીને જઇ પોતાની સાથે જ વર્તન થયું એની વાત કરી.

સાંજે બાપુએ વિનોબાજીને આ અંગે પૂછ્યું વિનોબાજી કહે, 'એ આવીને બેઠા- પણ કંઇ બોલ્યા નથી - મારે તો એમનો કોઇ પરિચય જ નો'તો એટલે પૂછવાનું પણ કંઇ નો'તું. પછી ચાલ્યા ગયા. ખોટી ખોટી વાત કરી હું મારો સમય શા માટે બગાડું?

- પાછળથી કુમારપ્પા વિનોબાજીના નિકટના મિત્ર થઇ ગયા અને વિનોબાજીને ખૂબ જ હસાવતા.

Email - sureshchandrabhatt18@gmail.com

યાદગાર કિસ્સાઓ..!! વો લમ્હેં, વો બાતેં, કોઈના જાને, મીઠી યાદે..!!

આપણે જ ખુશીના જવાબદાર છીએ, યાદોંને સાચવીને રૂઆબદાર છીએ
વ્યક્તિએ ભિન્ન છે પ્રસંગો મજાના, સુંદર સ્મરણોથી માલદાર છીએ

સાંજનો સમય હતો. ઠંડીની શરૂઆત અને દિવાળીની ખરીદીની ચહલપહલ હતી. અંધારું થતાં પહેલાં ઘરે જવાની ઉતાવળ હતી. એટલામાં ઈન્કમટેક્ષ સર્કલે લાલ સિગ્નલે અજવાળું કર્યું અને વાહનો થોભી ગયા. કારની બારી ખુલ્લી હતી અને મોગરાની સુગંધ આવી એટલે એ બાજુ ડોક વળી. જોયું તો એક છોકરો ગજરા લઇ સિગ્નલ બાજુ દોડતો આવતો હતો. એણે એક કારવાળાના બંધ કાચે ટકટક કર્યું. ગજરો વેચ્યો. કારવાળા પર છોકરો ખુશ થઇ ગયો અને એણે 'ફલાઈંગ કિસ' આપી બીજી કાર તરફ દોડી ગયો...

સિગ્નલે એનો રંગ બદલીને લીલો કર્યો અને ઘર તરફ ભાગતાં સૌએ એક્સલેટરના પેડલ પર જમણાં પગનું જોર લગાવી પોતપોતાના 'સ્વિટ હોમ' માં સમાઇ જવા મારી મુકી... શ્વેતાએ જોયેલા આ પ્રસંગ એના મન પર ઘુમરી લેતો હતો. ગાડી ઘરે પહોંચતા સુધી કેટલીયે વાર પેલો છોકરો, એના ગજરા, કારવાળાએ આપેલી ૫૦ની નોટ, એનો ઉત્સાહ અને પેલી કિસ... આખોય પ્રસંગ જડાઇ ગયો.

શ્વેતાના મનમાં વિચાર આવ્યો કયારેક કોઇ સંબંધ ન હોવા છતાંય કોઇ વ્યક્તિ, કોઇ પ્રસંગ, કોઇ સ્થળ, કોઇ વિચાર સતત કેમ યાદ આવતાં રહે છે? એ છેક આપણાં મનમાં - હૃદયમાં ઉતરી જાય છે એટલે જ ને? જિંદગીમાં કયારેક આવા પ્રસંગોની સાથે જ વિચારોની ઘટમાળ શરૂ થાય છે અને પેલાં અપરિચિત પાત્રો અને વિચાર સાથે જ વાર્તા બનતી જાય છે એવું નવલિકા - વાર્તા લખતી શ્વેતાના મનમાં ઘૂંટાતું ચાલ્યું...

Hello ફ્રેન્ડસ!

-સંજય થોરાત
hellogandhinagar@gmail.com

આમ જોવા જાવતો સંસારમાં અવતરેલા સૌની એક કથા હોય છે. જિંદગીમાં આવનારા દરેક વ્યક્તિ, વિચાર, કયારેક પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ મુલાકાત... બિન્ધાસ્ત, બેફિકરા, આત્મવિશ્વાસ, મનગમતાં, લોભી, સ્વાર્થી, ઉત્સાહી, આળશુ, આશ્વાસક, માર્ગદર્શક, સ્વચ્છંદી... એકએકથી વિશેષ ગુણ ધરાવતાં વ્યક્તિ જિંદગીમાં આવતાં જાય છે અને એ આપણી લાઇફનો હિસ્સો બનતાં જાય છે... આજે શ્વેતાનું મગજ કંઇક અલગ વિષયના માર્ગે ચઢીને વાર્તા બનાવી રહ્યું હતું!!

આ લોકોની સોબતથી જિંદગીને અલગ આયામ મળે છે. બધાં સાથે એક અલગ કેમેસ્ટ્રી બને છે. વાર્તા બનતી જાય છે. કયારેક વાર્તા બે લીટીમાં પતી જાય છે, તો કયારેક હપ્તાવાર નવલકથા જેમ ક્રમશઃ ચાલ્યા જ કરે છે. અને આ બધું જ મન પર આલેખાતું જાય છે, એ માત્ર નક્કી... શ્વેતા એનાં કૉલેજના દિવસોની યાદમાં સરી પડી...

કૉલેજની મસ્તીના દિવસ તો આમ જ અલગ વ્યક્તિઓની હાજરીને કારણે જ પરિપૂર્ણ થાય છે. મનને મસ્તમૌલા બનાવે એવાં સાથીદારો મળતાં જાય અને કૉલેજના દિવસ આ હા હા હા... કૉલેજના દિવસો એકદમ ધમાલમાં, લેકચર્સમાં પ્રોફેસરોની મશ્કરીથી શરૂ કરી, કલાસ બંક, ભટકવા, પિકનીક, સિનેમા, આજુબાજુમાં આવેલા મોલની મફતની એસીની ઠંડક અને સાથે પેલાં કાર્ટૂન મિત્રો.... વિચિત્ર કરવા કોઇ મિત્રો મળે નહીં તો કૉલેજના દિવસોમાં જાન ન આવે નહીં... ખાલી બિન્ધાસ્તપણું કે ધિંગાણા કરવા નહીં પણ તકલીફનાં સમયે સમજાવવાં - સાચવવાં અને ત્યાગ કરીને બીજા પર પોતાનો આનંદ લુંટાવી દેતા મિત્રોના સાથની પણ જરૂર હોય છે.

કયાં કયાંથી આવ્યા હોય છે. અલગ પાસિંગની સિરીઝ જેવાં અને આ કૉલેજની નાનકડી દુનિયામાં વૈવિધ્યસભર ભારતનું નિર્માણ કરે છે. ત્રણ-ચાર વર્ષની ફિલ્મ પુરી કરી પોતાની દુનિયામાં સમાઇ જાય છે, કૉલેજનાં દિવસો પતંગિયાની જેમ ઊંડી જાય છે અને મનમાં યાદોનાં ઘરો બનાવી જાય છે. આ બધામાં એકાદ વ્યક્તિ છેક મનમાં પાક્કું ઘર બનાવીને વસી જાય છે...

શ્વેતા ધીરે ધીરે કૉલેજના માહોલમાંથી બહાર આવી રહી હતી... દરેકની જિંદગીમાં એક વ્યક્તિ એવી આવતી જ હોય છે. ઉત્સાહી, બેધડક, બિન્ધાસ્ત, મસ્તમૌલા વ્યક્તિની યાદ... કયારેક આવી વ્યક્તિનો સાથ કાયમનો ટકી જાય છે... ત્યાં કેટલાંક હથેળીમાં રહેલા પારાની છટકી પણ જાય છે. યાદો માત્ર મનનાં કોમામાં સરી પડે છે, શ્વેતાને એક પ્રસંગ યાદ આવ્યો...

ફેસબુકમાં વાયા મીડિયા તથાં એક મિત્રને એક છોકરીને એમ જ હાય-હેલ્લો કર્યું. પછી તો કૉલેજ શેરિંગ કરતાં કરતાં પ્રેમપર ચઢી ગયા, રૂબરૂ તો મળ્યાં જ નહોતા. એક દિવસ મુલાકાત થઇ. બંનેએ એકબીજા સાથે મનનો હૃદયનો ભાર હળવો કર્યો. મિત્રનાં મન પર એ છોકરી બરાબર ફિટ થઇ ગઇ. તકલીફ એટલી જ થઇ કે કોઇ કારણસર તેઓ જીવનસાથી બની શકયાં નહીં. એમનો અંત સારો આવ્યો નહીં, પણ છતાંય પેલી છોકરી મિત્રના મનમાંથી ગાયબ થઇ શકી નહીં.... પણ બિન્ધાસ્ત-ખુલ્લાં મને વાતો કરનારી, પોતાની જિંદગી મન-મરજીથી જીવનારી એ છોકરી અને એનો પ્રસંગ કાયમ મિત્રનાં મનમાં ઘર કરી ગયો... આજેય એ વાત યાદ કરતાં મિત્ર એની યાદથી ખુશ થઇ એના ચહેરા પર આનંદ ઝળકી ઉઠે છે.

શ્વેતાને બીજો એના ઓફિસનો પ્રસંગ યાદ આવી ગયો... એની ઓફિસમાં ધ્વનિ એટલે આનંદ અને ઉત્સાહનો ઘુઘવતો દરિયો. કાયમ હસતી રમતી રહેતી આ અનોખી બેનપણીથી ઓફિસમાં કોઇનેય ટેન્શન રહેતું નહીં. હોંશિયાર તો એ હતી જ પણ બધાંને મદદ કરવાની ભાવનાથી એ વધુ પ્રિય હતી... બિમારીને કારણે એને આઠ દિવસ રજા લેવી પડી અને ઓફિસનું વાતાવરણ જ બિમાર પડી ગયું... એ જયારે સારી થઇને સ્માઇલી ફેસ સાથે પરત ફરી ત્યારે બધાંએ એનું પુષ્પગુચ્છ આપીને એનું સ્વાગત કર્યું. એ એકદમ ભાવવાહી થઇ ગઇ અને સહકર્મચારીઓને ભેટી પડી... આવાનાં ઈમોશનલ પ્રસંગો શ્વેતાને યાદ આવી રહ્યાં હતા...

આવી જ એક ઘટના આજથી ૨૦ વર્ષ પહેલાની યાદ આવી. જયારે મોબાઈલ આવ્યાં નહોતા અને લેન્ડ લાઇન ફોન સર્વેસર્વા હતા. એવામાં એક બહેનને ઘરે ફોનની રીંગ વાગી, હેલ્લો માસી તમારા દીકરાને એક્સિટેન્ડ થયો છે અને એને સિવિલ હોસ્પિટલમાં એડમિટ કર્યોછે. માસી ટેન્શનમાં, એમને ત્રણ દીકરા, એમણે એક બાદ એક દીકરાને ફોન કરવા શરૂ કર્યાં અને એ ત્રણેય દીકરા સાથે વાત કરી, બધાં હેમખેમ હતા. તો આવી મશ્કરી કોણે કરી?

આ વાતનો ખુલાસો બે વર્ષ બાદ થયો. એક ભાઇ પેંડાનું પેકેટ લઇ માસીને મળવા આવ્યા. એમણે કહ્યું કે તમારું સ્કૂટર મેં વેચાંતુ લીધેલું અને એના પરના નામ એમ જ રાખ્યાં એમાં મને એક્સિટેન્ડ થતાં એક ભાઇ છેક સિવિલ દાખલ કરાવી ગયા, તમારો ખુબ આભાર. આ કિસ્સો શ્વેતાના પરિચિય માસીને થયેલો...

અને પેલી શાકભાજી વાળી. નામનો ખબર નથી. પણ એનું સ્મિત અને પ્રેમથી શાકભાજી વેચવાની કળા શ્વેતાને પોતીકાપણાનો અહેસાસ કરાવતી. આજે શહેર બદલાયું, ઘર બદલાયું પણ શાકમાર્કેટ જાય એટલે પેલી શાકભાજીવાળીનો ચહેરો તરફ યાદ આવી જાય. એ કિસ્સાએ યાદો અને એને કારણે જ તો આપણે ખુશીના જવાબદાર છીએ... શ્વેતાના મનમાં કેટકેટલાં વિચાર, કિસ્સા, પાત્રો, ઘટના, સ્થળ, ચિત્રો ફરી રહ્યાં હતા...

અચાનક શ્વેતાના ઘરની ડૉરબેલ વાગી, જુવે છે તો સામે હાથમાં ગજરા સાથે પેલા કારવાળા ભાઇ ઊભેલા. એ કાંઇ વિચારે, યાદ કરે એ પહેલાં જ બોલ્યાં. મને ખબર છે તને મોગરાના ફુલ અને ગજરા પસંદ છે... મને છોકરીઓ સાથે વાત કરતાં કયારેય ફાવતું નથી અને તને ધારીને જોઇને મેં પસ્તાવાની લાગણી અનુભવેલી, આજે ઈન્કમટેક્ષ સિગ્નલે જોઇ અને પીછો કરતો આ ગજરો આપી સૉરી કહેવા આવ્યો છું શ્વેતાને કૉલેજનો શરમાળ સર્જક યાદ આવ્યો, આટલાં વર્ષે અચાનક અને શ્વેતા મલકાઇને બોલી, કોફી પીશ??

ચૂંટલો :

દરેકના જીવનમાં આવી એકાદી ઘટના, પ્રસંગ વ્યક્તિ જાણતાં અજાણતાં આવેલી હોય છે. જે એને કોઇ કારણ વિના યાદ આવે કે આનંદ આપે છે. દરેક વ્યક્તિએ પ્રસંગો ભલે ભિન્ન હોય પણ એની યાદોથી જે તે વ્યક્તિ માલદાર તો છે જ. તમને કોઇ વ્યક્તિ-પ્રસંગ યાદ આવે છે?

પ્રિયા મને રહસ્યમયી લાગવા માંડી હતી, મને એમ થયું કે તેના જીવનના પુસ્તકમાં એ દુઃખદ પાનાંઓ વાંચુ અને તેને ફાડીને ફેંકી દઉં, જેથી ફરી કયારેય પ્રિયાની આંખમાં આંસુ આવે જ નહીં

નવાં કલેવર

- નટવર હેડાઉ

સમાજથી વિખૂટી પડીએ એકાંકી જીવન જીવતાં શીખી ગઇ હતી. પોતાનામાં ખોવાયેલી છતાં સૌ કોઇની અપેક્ષાઓ સંતોષવામાં રહેતી, સૌ કોઇની આત્મીય અને આજેપણ તે સૌના દિલમાં રાજ કરતી હતી. તેના પર સૌ કોઇ બેહદ વિશ્વાસ કરતાં હતા. પરંતુ તેને ઇશ્વર સિવાય કોઇ પર પણ વિશ્વાસ ન હતો. એક સમય એવો પણ હતો જયારે તે આંખો બંધ કરીને ગમે તેનો વિશ્વાસ કરી લેતી હતી. ખુબ જ પ્રેમાળ અને મળતાવડો તેનો સ્વભાવ હતો. લોકો સાથે સંબંધો વિકસાવવા એ તેના ડાબા હાથની રમત હતી. તેની સાથે મિત્રતા કરીને લોકોને એમ લાગતું કે જાણે કોઇ અણમોલ ચીજ મળી ગઇ ન હોય! કેમ કે ઉદાસીનતા અને નિરાશાને તે કદી પોતાની નજીક ફરકવા દેતી ન હતી.

કાલ સાંજે તેની જીદને કારણે હું સ્કૂલથી સીધી તેના ઘેર આવી ગઇ હતી. શનિવારે ઘણું ખરું અમે બંને એકબીજાના ઘરે જતાં. રાતે. અમે બંને એ ખાવાનું બનાવ્યું અને ખાધા પછી મોડી રાત સુધી મજાક મસ્તી ભરી વાતો કરી સુઇ ગયા. પણ પ્રિયા આજ સવારથી કંઇક બેચેન અને ઉદાસ લાગતી હતી. આમ તો ઉજળો સ્વચ્છ તડકો નીકળ્યો છે પણ આજ તેની આંખોમાં વાદળ છવાયું છે જે રહી રહીને વરસી પડે છે ગમે ત્યારે. આ પહેલાં મેં કયારેય તેને આ રીતે ઉદાસ જોઇ નહોતી. મારાથી તેની આ દશા જોવાતી ન હતી. તેથી ન્હાઇ-ધોઇને જયારે અમે બંને ચ્હા પીવા બેઠાં ત્યારે મેં સાહસ કરીને પ્રિયાને તેની ઉદાસીનું કારણ પુછી જ લીધું.

ટૂટતા સ્વરે એ બોલી. 'વર્ષોથી હું એવા વિશ્વાસ સાથે જીવતી હતી કે ફાંસ નીકળી ગઇ છે. પરંતુ આજે ખબર પડી કે અંદર ને અંદર એ એટલી ઊંડી ઉતરી ને ફસાઇ ગઇ હતી કે બહારની તેનો પડછાયો પણ કળાયો નહીં. પરંતુ કાલે રાત્રે તારા સ્પર્શથી મને ફરીથી તીક્ષ્ણ દર્દનો અનુભવ થયો.'

પ્રિયાની વાત સાંભળીને અનાયાસ મારા મોંમાંથી નીકળી ગયું, ''પણ મેં તો એવું કંઇ કહ્યું નથી કે જેનાથી તને આઘાત લાગે.''

મને ખબર છે કે તેં એવું કંઇ નથી કહ્યું. પણ તને ખબર નથી કે મને છોકરાઓના નામથી જ ઘૃણા છે. તેથી આજ સુધી મેં લગ્ન નથી કર્યા.'

પ્રિયાની વાત સાંભળીને મને યાદ આવ્યું કે કાલે રાતે મેં તેને કહેલું, 'મને મનમાં એમ થાય છે કે તને મારી દેરાણી બનાવી તારી સાથે કાયમનો સંબંધ બાંધી દઉં.'

ત્યારે જ એ જરા બેચેન થઇ ગયેલી, અને તેણે કહેલું, ''મારા માથામાં દુઃખાવો થાય છે. ચાલ હવે સૂઇ જઇએ.''

હવે તો પ્રિયા મને રહસ્યમયી લાગવા માંડી હતી. મને એમ થયું કે તેના જીવનના પુસ્તકમાં એ દુઃખદ પાનાંઓ વાંચુ અને તેને ફાડીને ફેંકી દઉં. જેથી ફરી કયારેય પ્રિયાની આંખમાં આંસુ આવે જ નહીં.

મેં સાહસ કરીને તેણે કહ્યું, ''પ્રિયા વહેંચવાથી ખુશી વધે છે પણ જયારે આપણે આપણું દર્દ કોઇને કહીએ છીએ ત્યારે એ ઓછું થાય છે. તેથી કહું છું કે જો તને મારા પર વિશ્વાસ હોય તો તું મને તારાં જખમ બતાવી શકે છે. કદાચ, હું એ ફાંસને કાઢીને ફેંકી શકું. જે તને હજુ સુધી ભોંકાઇ રહી છે.''

નોકરીને કારણે હું પહેલીવાર મારા ગામ અને ઘરથી નીકળી હતી. તેથી છળકપટથી બિલકુલ અજાણ હતી. અને સૌ પર સહજ વિશ્વાસ કરી લેતી હતી. મારી પહેલી નિમણૂંક હલ્દાનીની નજીકની એક પ્રાથમિક શાળામાં થઇ. મારા બધા સહયોગીઓ મારા પ્રત્યે ખુબ લાગણી રાખતા હતા. કદાચ એટલા માટે કે મારી શાળામાં હું સૌથી નાની હતી અને સૌને આદર સન્માન આપતી હતી.

એક દિવસની વાત છે. અમે અમારાં આચાર્યાની દીકરીના લગ્ન પ્રસંગે તેમના ઘેર ગયા હતા. તેમની દીકરીનો થોડો વ્યક્તિગત ચીજો લાવવાની હતી. તેથી તેમણે મારો પરિચય તેમના જીવનના મિત્રના દીકરા સાથે કરાવ્યો. તેનું વ્યક્તિત્વ અત્યંત આકર્ષક અને પ્રભાવશાળી હતું. તેથી જે પ્રતિભા એ મને સૌથી વધુ આકર્ષી તે હતી તેની સાદગી અને સેવાભાવ. તે એક સફળ વેપારી હોવાની સાથે કુશળ જવેલરી ડિઝાઇનર અને પેઇન્ટર પણ હતો. તે દિવસોમાં મારી દૃષ્ટિએ કલાકાર અને સાહિત્યકાર દુનિયાના સર્વશ્રેષ્ઠ વ્યક્તિ ગણાતા હતા. મને એમ લાગતું કે એ જ વ્યક્તિ સર્જક થઇ શકે જે બીજા લોકો કરતાં વધુ સંવેદનશીલ હોય. કેમ કે માત્ર સંવેદનશીલ વ્યક્તિ જ બીજાની ભાવનાઓને સમજી શકે છે અને એ કયારેય કોઇને ઘાયલ ન કરી શકે.

તે રાતે પાર્ટીમાં મોડું થઇ જવાથી મોટાં બહેને (અમે સૌ અમારાં આચાર્યાને મોટીબેન કહીને જ સંબોધતાં હતા.)' કહ્યું' 'પ્રિયા તું એકલી જઇશ નહીં. મોહિત તને ગાડીમાં મુકી જશે.'

તેમણે મારા ચહેરા પર અસંમજસનો ભાવ જોઇ કહ્યું, 'ગભરાઇશ નહીં, હું તને મારા ઘરના વ્યક્તિ સાથે મોકલું છું.'

રસ્તામાં મોહિતે મને પોતાના વેપાર અને ઘર કુટુંબ વિષે માહિતી આપી તેમજ મારા કુટુંબ બાબતે પણ ઘણી વાતો પુછી. મને ઘરના દરવાજે છોડીને એ જતો રહ્યો. તેના ગયા પછી મને હાશ વળી, કેમ કે હું મનમાં ને મનમાં એવું વિચારીને ડરી રહી હતી કે કયાંક એ મારી પાછળ પાછળ અંદર આવી ન જાય. પણ એવું કંઇ થયું નહીં.

લગભગ ત્રણ ચાર મહિના પછી એક દિવસ તેનો ફોન આવ્યો. જયારે મેં તેને ઓળખવાનો ઇન્કાર કરી દીધો તો તેને બહુ ખોટું લાગ્યું અને તેણે કહ્યું, 'હું તો જયારથી તમને મળ્યો છું. ત્યારથી આજ સુધી એક ક્ષણ પણ તમને ભૂલી શક્યો નથી અને તમે મને ઓળખતાં જ નથી.'

તે દિવસ પછી અવારનવાર ગમે તેવા સમયે તેના ફોન આવવા લાગ્યા. તે પોતાની વાતોથી મને વિશ્વાસ કરાવવાની કોશિશ કરતો હતો કે તે મને ખુબ જ પ્રેમ કરે છે. ધીરે ધીરે મને તેની વાતો સાચી લાગવા માંડી. પરંતુ કોણ જાણે કેમ હું તેના પર વિશ્વાસ મુકી શકતી ન હતી. તેથી જ જયારે તે ઘેર આવવાની વાત કરતો ત્યારે હું કોઇને કોઇ બહાનું કાઢી તેને ટાળતી હતી.

સાંભળેલું કે ભાવી બળવાન હોય છે તે દિવસે જોઇ પણ લીધું... એકવારની વાત છે. મોટા બહેનની તબિયત બહુ ખરાબ હતી કે શાળામાં તપાસણી થવાની હતી. જેથી ફોન પર તેમણે શાળામાંથી જરૂરી કાગળો લઇ ઘેર આપવાની સૂચના આપી. ફાઇલ લઇને જયારે હું તેમના ઘેર પહોંચી, તો સામે મોહિતને જોઇ આશ્ચર્ય થયું, હું સમજી શકી નહીં કે આ મોહિતની ચાલ છે કે પછી હકીકતમાં બહેને મને જરૂરી કામ અંગે બોલાવી છે.

મને જોતાં જ મોહિતનો ચહેરો ખીલી ઉઠ્યો. જો કે એવું પણ નહોતું કે હું પણ તેને જોઇને ખુશ ન થઇ હોઉં. પરંતુ મારી ખુશીમાં એક અલગ પ્રકારનો ગભરાટ સામેલ હતો. તે દિવસે શાળાનું કામ કરતાં કરતાં સાંજ પડી ગઇ એટલે મોટા બહેને મને જમ્યા વગર જવા ન દીધી. જમી લીધા પછી તેમણે મોહિતને મને ઘેર મુકી આવવા કહ્યું.

ઘરના દરવાજે પહોંચતાં મોહિતે કાર રોકી એટલે મેં ઔપચારિકતા પુરતું કહ્યું, 'ચ્હા પી ને જજો' મેં કહેતાવેંત જ તે તરત ગાડીમાંથી ઉતર્યો અને તેણે ગાડીને લોક કરી.

અનુસંધાન પાના નં.૪ પર

દીકરીને હંમેશા પિતાનો ખભો વહાલો હોય

દીકરી બે વખત પિતાનો ખભો ભીનો કરે છે, એક તો બાળપણમાં તેને તેડીને ખભે માથું મૂક્યું હોય ત્યારે અને બીજી વાર જયારે દીકરી પરણીને સાસરે જઇ રહી હોય છે

ગુલમહોર

- દિનેશ દેસાઇ

અંગ્રેજી સાહિત્યકાર અર્નેસ્ટ હેમિંગ્વેએ કહ્યું છે કે - પ્રત્યેક દીકરીની લાગણીના તાર તેના બાપના હૃદય સાથે અજોડ રીતે જોડાયેલા હોય છે. દીકરી જન્મે ત્યારથી લઈને દીકરી લગ્ન પછી તેના બાપથી વિખુટી પડે ત્યાં સુધી જ નહી, જીવનપર્યંત લાગણીનો લીલોછમ નાતો અકબંધ રહે છે.

દીકરી વિશે ઘણું બધું લખાયું છે. જીવનમાં દીકરી બે વખત પિતાનો ખભો ભીનો કરે છે, એક તો બાળપણમાં તેને તેડીને ખભે માથું મૂક્યું હોય ત્યારે અને બીજી વાર જયારે દીકરી પરણીને સાસરે જઈ રહી હોય છે. એક અર્થમાં દરેક દીકરી માટે પોતાનો બાપ આઈડોલ-આઈકોન હોય છે. કોઈ પણ છોકરી માટે સપનાનો રાજકુમાર ભલે કોઈ પણ હોય, તેના માટે કિંગ તો હંમેશા પિતા જ હોય છે. દીકરીના જીવનમાં પહેલા પુરુષ તરીકે, એક આદર્શ તરીકે હંમેશા પિતાનું સ્થાન અકબંધ હોય છે. દીકરીએ પોતાના બાપને ખુબ નજીકથી નિહાળ્યા હોય છે.

પત્ની અને દીકરી, જો આ બેમાંથી તમારે કોઈ એકની પસંદગી કરવાની હોય તો તમે કોની પસંદગી કરો? સવાલ લાગણીનો છે. આમ તો કોઈ પણ પુરુષ રડે નહી અથવા એ કોઈક ખૂણામાં આંખો ભીની કરીને મ્હોંને પાણીથી ધોઈ લે. પરંતુ જયારે તમે રડતા હો, ત્યારે પત્ની તમારી નજીક આવીને આંખમાંથી નીકળતા આંસુ લૂછી આપે એના કરતા તમારી દીકરી તમારી પાસે આવીને તમારો આંસુભીનો ચહેરો એના દુપટ્ટાથી લૂછી આપે એ ક્ષણો અમૂલ્ય હોય છે.

મહત્વની વાત એ છે કે પત્ની દરેક પતિના પડછાયાની માફક સાથે રહે છે એ કબુલ. પરંતુ દીકરી પોતાના બાપની આંખમાં આંસુ જોઈ શકતી નથી એટલે તે આંસુ લૂછી આપવાની સાથે સાથે બાપની જોડે જ રડવા માંડે છે, રડી પડે છે. દીકરી કહેતી હોય છે - પપ્પા, તમે રડો નહી... તમે રડો છો તેથી મને પણ રડવું આવે છે. દીકરીની જેમ પત્ની તમારી સાથે રડવા બેસી જાય એવું ન પણ બને. ન જ બને.

બીજી મહત્વની વાત એ કે ઘણા બધા પતિ મહાશયના જીવનમાં પત્ની કદાચ ઘણી વાર તેના (પુરુષ) માટે આંસુનું કારણ બની રહે એવું બને. પરંતુ દીકરી ક્યારેય કોઈ બાપ માટે આંસુનું કારણ બની હોય એવું નથી હોતું. (અપવાદરુપ કિસ્સો હોય તો એ અલગ વાત છે.) દીકરી તો હંમેશા બાપના આંસુનું મારણ બનીને બાપની નિકટ આવતી હોય છે. કદાચ એ જ કારણે કન્યાવિદાય ટાણે મા કરતા બાપને વધુ વેદના થાય છે. એ પણ હકીકત છે કે દરેક સ્ત્રી એટલે કે મા રડી શકે છે, પરંતુ પુરુષો આસાનીથી રડી શકતા નથી. બસ, દરેક પુરુષના જીવનમાં આ એક જ દિવસ એવો હોય છે કે જે દિવસે પુરુષ જિંદગીમાં પહેલી અને કદાચ છેલ્લી વાર જાહેરમાં રડી લે છે. એ છે કન્યાવિદાયનો પ્રસંગ.

દીકરીના જન્મથી લઈને તે વીસ-બાવીસ વર્ષની થાય ત્યાં સુધીમાં તો દરેક બાપને તેના પ્રેમ-વાત્સલ્યની જાણે આદત પડી જાય છે. બાપ માટે દીકરી ક્યારેક મા બનીને કાળજી લે છે, ક્યારેક દાદી બનીને વડીલની અદાથી સમજાવે પણ છે તો ક્યારેક મિત્ર બનીને હૂંફ પણ આપે છે. સુખ હોય ત્યારે દીકરી બાપના હોઠનું સ્મિત બની રહે છે. અને દુઃખમાં બાપના આંસુ લૂછતી હથેળી બની જાય છે.

કવિ કાલિદાસનની અમર કૃતિ- અભિજ્ઞાન શકુંતલ - માં દીકરી શકુન્તલાને વિદાય આપતી વેળાએ કણ્વ ઋષિ કહે છે - સંસાર છોડીને સંન્યાસી બનેલા અમારા જેવા વનવાસીને પણ કન્યાવિદાયનું જો આટલું દુઃખ થતું હોય તો સંસારીઓને કેટલું બધું દુઃખ થતું હશે?

દીકરી જયારે પરણીને સાસરે જાય છે ત્યાર પછી એને સૌથી વધારે યાદ બાપની જ આવે છે. દીકરી બાપ સાથે લાગણીના તારથી જોડાયેલી હોવા છતા તેને મન થાય ત્યારે તે બાપને મળવા જઈ શકતી નથી. તેને ગમે ત્યારે બાપ પાસે દોડી જવાનું મન થાય પણ તે એવું કરી શકતી નથી. મોટા ભાગના કિસ્સાઓમાં દીકરીને તેના પતિ જયારે લઈ જાય ત્યારે જ તે બાપના ઘરે મળવા જઈ શકતી હોય છે. એકલી દીકરી પિતાના ઘરે જવાના કિસ્સા ઓછા હોવાનું કારણ એ પણ ખરું કે લગ્ન પછી દીકરી માટે તેના પતિના સુખમાં જ પોતાનું સુખ સમજવાનું હોય છે. એક તરફ પતિને એકલા મૂકીને બાપના ઘર